# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે ભારત લોકોને જોડતા પર્યટનને પ્રોત્સાહન આપે છે, જ્યારે પાકિસ્તાન આતંકવાદને પર્યટન તરીકે ગણે છે.

2) પ્રધાનમંત્રી મોદીએ ગુજરાતનાં દાહોદમાં 24 હજાર કરોડ રૂપિયાના અનેક વિકાસ વિકાસકામોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

3) પ્રધાનમંત્રી આવતીકાલે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે 5 હજાર 536 કરોડના વિકાસકામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે.

4) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે આતંકવાદી સંગઠનો પાકિસ્તાનમાં ખુલ્લેઆમ પોતાની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે.

5) કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે આ શૈક્ષણિક વર્ષમાં 15 વિદેશી યુનિવર્સિટીઓ તેમના કેમ્પસની ભારતમાં સ્થાપનાં કરશે.

6) IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે જયપુરમાં મેચ રમાઈ રહી છે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM BHUJ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન પર આકરા પ્રહારો કરતાં કહ્યું કે ભારત લોકોને જોડતા પર્યટનને પ્રોત્સાહન આપે છે, જ્યારે પાકિસ્તાન આતંકવાદને પર્યટન તરીકે ગણે છે. આજે ગુજરાતનાં સરહદી જિલ્લા કચ્છના ભુજમાં એક જાહેરસભા સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ પાકિસ્તાન પર પોતાના ફાયદા માટે તેના યુવાનોના ભવિષ્યનો નાશ કરવાનો આરોપ લગાવ્યો.

પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ઓપરેશન સિંદૂરથી આતંકવાદ સામે ભારતની શૂન્ય સહિષ્ણુતા નીતિ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગઈ છે. ઓપરેશન સિંદૂરને માનવતાને બચાવવા અને આતંકવાદનો અંત લાવવાનું મિશન ગણાવતા તેમણે કહ્યું કે ભારતની લડાઈ સરહદ પારના આતંકવાદ સામે મજબૂતીથી લડાઈ છે, અને જે લોકો તેને પોષે છે તેઓ આપણા દુશ્મનો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પાકિસ્તાને ભારતીય નિર્દોષોને નિશાન બનાવ્યા, જેના માટે તેણે મોટી કિંમત ચૂકવી છે.

(BYTE : PM ON TERRORISM)

શ્રી મોદીએ જણાવ્યું હતું કે ભારતે વિકાસ, શાંતિ અને સમૃદ્ધિનો માર્ગ પસંદ કર્યો છે. તેમણે છેલ્લા બે દાયકામાં કચ્છના પરિવર્તનની પ્રશંસા કરી અને 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન કચ્છ રનવેને પુનઃસ્થાપિત કરનાર કચ્છની બહાદુર મહિલાઓને શ્રદ્ધાંજલિ આપી.ગુજરાતની મુલાકાતે આવેલા પ્રધાનમંત્રી મોદીએ આજે ભુજમાં 53 હજાર 400 કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. નવીનીકરણીય ઉર્જામાં કચ્છની પ્રગતિ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે કચ્છ હરિત હાઇડ્રોજન અને સૌર ઉર્જાના વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

(BYTE : PM ON GREEN HYDROGEN)

આ અગાઉ પ્રધાનમંત્રીએ બપોરે ભુજના હીલગાર્ડનથી મીરઝાપર રોડ પર સભા સ્થળ સુધી ભવ્ય રોડ શો યોજ્યો હતો. રોડ શો દરમિયાન મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોનું પ્રધાનમંત્રીએ અભિવાદન ઝીલ્યું હતું.

.............................................

## PM DAHOD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂર એ માત્ર લશ્કરી કાર્યવાહી નથી પરંતુ ભારતના લોકોના મૂલ્યો અને ભાવનાઓની અભિવ્યક્તિ છે. તેમણે ગુજરાતના દાહોદમાં એક જાહેર સભાને સંબોધતા આ વાત કહી હતી.

(BYTE : PM ON OPERATION SINDOOR)

પ્રધાનમંત્રીએ કહ્યું કે વર્તમાન સમયની માંગ એ છે કે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે જરૂરી દરેક વસ્તુનું ઉત્પાદન દેશમાં જ થવું જોઈએ.

(BYTE : PM ON 140 CR. INDIAN)

શ્રી મોદીએ કહ્યું કે વર્ષ 2014 માં આ દિવસે તેમણે પહેલીવાર પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા હતા. પહેલા ગુજરાતના લોકોએ અને પછી કરોડો ભારતીયોએ મને આશીર્વાદ આપ્યા.

આ પ્રસંગે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે છેલ્લા ૧૧ વર્ષ દરમિયાન રેલવે ક્ષેત્રમાં પરિવર્તનશીલ સુધારાઓ માટે મોદી સરકારની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, દાહોદમાં તૈયાર થનાર 'મેડ ઇન દાહોદ' ઇલેક્ટ્રિક લોકોમોટિવની અન્ય દેશોમાં નિકાસ કરવામાં આવશે.

(BYTE : ASHWINI VAISHNAV)

પ્રધાનમંત્રી મોદીએ 24 હજાર કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ ઉપરાંત, શ્રી મોદીએ રેલ્વે અને અન્ય ક્ષેત્રો સાથે સંબંધિત ગુજરાત સરકારના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કર્યું. આમાં - વેરાવળ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ અને વલસાડ અને દાહોદ સ્ટેશનો વચ્ચે એક્સપ્રેસ ટ્રેનનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ શ્રી મોદીએ વડોદરમાં ભવ્ય રોડ શો યોજી નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ યાત્રામાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા.

………………………………………

## PM GANDHINAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે 5 હજાર 536 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ - ખાતમુહૂર્ત કરશે. જેમ નાગરિકોની આરોગ્ય સુખાકારી વધારતા અંદાજે 672 કરોડના આરોગ્ય પ્રકલ્પોની ભેટ મળશે. શ્રી મોદી અમદાવાદ સિવિલ મેડિસીટીમાં 588 કરોડના ખર્ચે નિર્માણ પામનાર 1800 બેડની હોસ્પિટલનું ઇ-ખાતમુહૂર્ત પણ કરશે. દરમિયાન શ્રી મોદી 84 કરોડના ખર્ચે તૈયાર થયેલ યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના ગાંધીનગર ખાતેના સેટેલાઇટ સેન્ટરનું ઇ-લોકાર્પણ કરશે.

પ્રધાનમંત્રી રાજભવનથી મહાત્મા મંદિર સુધી રોડ શો પણ યોજશે.

………………………………………

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

................................................

## Jaishankar-Pakistan

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે આતંકવાદી સંગઠનો પાકિસ્તાનના શહેરો અને નગરોમાંથી ખુલ્લેઆમ પોતાની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. પાકિસ્તાનમાં આતંકવાદ એક મુક્ત વ્યવસાય છે. પાકિસ્તાની સેના અને સરકાર દ્વારા તેને ટેકો, ભંડોળ અને ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એક મુલાકાતમાં, ડૉ. જયશંકરે કહ્યું કે ભારતે આતંકવાદીઓને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેમને આતંકવાદી હુમલાઓની કિંમત ચૂકવવી પડશે.

પહલગામ આતંકવાદી હુમલા પછી ભારત દ્વારા લેવામાં આવેલા પગલાં અંગે, વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતે સચોટ હુમલા કર્યા છે. ભારતે બતાવ્યું છે કે ભારત તેમની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને નિષ્ક્રિય કરી શકે છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ અંગે, ડૉ. જયશંકરે કહ્યું કે બંને પક્ષોના લશ્કરી કમાન્ડરો વચ્ચે સીધા સંપર્ક દ્વારા ગોળીબાર બંધ કરવા સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. ભારતે અસરકારક હુમલા દ્વારા પાકિસ્તાનના મુખ્ય એરબેઝ અને હવાઈ સંરક્ષણ પ્રણાલીને નિષ્ક્રિય કરી દીધી.

................................................

# EDU. MIN. DHARMENDRA PRADHAN

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે આ શૈક્ષણિક વર્ષમાં 15 વિદેશી યુનિવર્સિટીઓ તેમના કેમ્પસ સ્થાપવા માટે ભારતમાં આવશે. સરકારે આ વિદેશી યુનિવર્સિટીઓને મંજૂરી આપી છે. શ્રી પ્રધાને આજે નવી દિલ્હીમાં બ્રિટનની લિવરપૂલ યુનિવર્સિટીના ઉદ્દેશ પત્ર સોંપવાના સમારોહને સંબોધતા આ વાત કહી. પત્રકારો સાથે વાત કરતા શ્રી પ્રધાને કહ્યું કે ઓસ્ટ્રેલિયાની બે યુનિવર્સિટીઓએ ગુજરાતમાં તેમના શૈક્ષણિક સત્રો શરૂ કર્યા છે.

..............................................

# IPL

IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે આજે જયપુરમાં મેચ રમાઈ રહી છે. પંજાબ કિંગ્સે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. છેલ્લા અહેવાલ પ્રમાણે મુંબઈ ઈન્ડિયન્સના 5 ઓવરમાં 1 વિકેટે 45 રન થયા છે.

..............................................

# PM-Articles

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતના કોલસા ક્ષેત્રની પ્રગતિની પ્રશંસા કરી છે. કેન્દ્રીય કોલસા મંત્રી જી. કિશન રેડ્ડીનો એક લેખ શેર કરતા, શ્રી મોદીએ કહ્યું કે તે સરકારના દાયકા લાંબા પરિવર્તનશીલ શાસન હેઠળ ભારતના અભૂતપૂર્વ વિકાસ પર એક મહત્વપૂર્ણ લેખ છે.

છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈનો બીજો લેખ શેર કરતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે આદિવાસી કલ્યાણ, સુરક્ષા અને વિકાસ છત્તીસગઢ માટે એક નવો અધ્યાય લખી રહ્યા છે.

.............................................

## Amit Shah - Nagpur

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના ચિચોલી ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી - NFSU ના નાગપુર કેમ્પસનો શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પણ હાજર રહ્યા હતા. NFSU નાગપુરનું આ નવું અને કાયમી કેમ્પસ 50 એકરથી વધુ જમીન પર બનાવવામાં આવશે. આ સંસ્થા ફોરેન્સિક સાયન્સ, ફોરેન્સિક કાયદા અને અન્ય વિષયોના પાંચ અભ્યાસક્રમો શરૂ કરશે. સંસ્થામાં અત્યાધુનિક પ્રયોગશાળાઓ, પુસ્તકાલય અને છાત્રાલયની સુવિધાઓ હશે.

.............................................